**(1141)** ગુજરાતમાં આરક્ષણ બાબતે નીચેના પૈકી કયું વિધાન ખોટું છે ?
**[પોલીસ ઈન્સપેક્ટર (બિનહથિયારધારી) વર્ગ-2, તા. 30/06/2019]**

(A) 26 વિધાનસભા મતવિસ્તારો અનુસૂચિત જનજાતિઓ માટે આરક્ષિત છે.
(B) ૩ સંસદીય મતવિસ્તારો અનુસૂચિત જાતિઓ માટે આરક્ષિત છે.
(C) સ્થાનિક સંસ્થાઓમાં મહિલાઓ માટે 50% બેઠકો આરક્ષિત છે.
(D) 13 વિધાનસભા મતવિસ્તારો અનુસૂચિત જાતિઓ માટે આરક્ષિત છે.

***Ans:*** B

**(1142)** નીચેનામાંથી કયું વિધાન સમાજવાદી વિચારધારા પ્રતિબિંબિત કરે છે?

(A) દારૂબંધી
(B) રાજયમાં સમાન કાર્ય માટે સમાન વેતનના પ્રયત્નો
(C) ગૌહત્યા પર પ્રતિબંધ
(D) પ્રતિબંધ

***Ans:*** B

**(1143)** નીચેના પૈકી કયો મૂળભૂત અધિકાર નિવારક અટકાયત ધારા દ્વારા નિયંત્રિત થાય છે?

(A) બંધારણીય ઉપાયાનો અધિકાર
(B) સમાનતાનો અધિકાર
(C) ધર્મનો અધિકાર
(D) સ્વતંત્રતાનો અધિકાર

***Ans:*** D

**(1144)** "બંધારણની રચના સંઘીયતાના યોગ્ય ઘાટમાં થઈ નથી" આ વિધાન કોણે ઉચ્ચારેલું છે?

(A) એ.કે.અય્યર (B) ડી.ડી.બાસુ (C) બી.આર.આંબેડકરજી (D) કનૈયાલાલ મુનશીજી ***Ans:*** A

*તેઓ મદ્રાસ રાજયમાંથી બંધારણ સભામાં પ્રતિનિધિત્વ કરતાં હતા.*

**(1145)** નાણાં વિધેયક સંદર્ભે નીચેનામાંથી અયોગ્ય વિધાનની પસંદગી કરો.

(A) જો લોકસભા રાજ્યસભાની કોઈ ભલામણો સ્વીકારે નહિ તો નાણાં વિધેયક પસાર થયેલું ગણાશે.
(B) નાણાં વિધેયકને રાજ્યસભામાં સૌપ્રથમ રજૂ કરાતું નથી.
(C) નાણાં વિધેયક રાષ્ટ્રપતિની મંજૂરી પછી જ લોકસભામાં રજૂ કરાય છે.
(D) રાજ્યસભામાં નાણાં વિધેયકની ભલામણો 21 દિવસના સમયગાળામાં લોકસભાને પરત કરશે.

***Ans:*** D

**(1146)** ભારતીયોને મળેલો છેલ્લો મૂળભૂત અધિકાર કયો છે?

(A) સહકારી મંડળી રચવાની સ્વતંત્રતા
(B) પ્રેસની સ્વતંત્રતા
(C) દેશના કોઈ પણ ભાગમાં સ્થિર થવાની સ્વતંત્રતા
(D) વાણી અને અભિવ્યક્તિની સ્વતંત્રતા

***Ans:*** A

*97મો બંધારણીય સુધારો, 2011 દ્વારા આપણને સહકારી મંડળી રચવાની સ્વતંત્રતા Art. 19(1)(C) અંતર્ગત આપવામાં આવી.*

www.Gujarat1.com

**(1147)** કયો અનુચ્છેદ રાષ્ટ્રપતિ પર મહાભિયોગ કરવા માટે જાણીતો છે?

(A) 61 (B) 59 (C) 60 (D) 58 ***Ans:*** A

*રાષ્ટ્રપતિ પર મહાભિયોગની પ્રક્રિયા કોઈપણ ગૃહમાં શરૂ કરી શકાય છે પણ જે ગૃહમાં આવી પ્રક્રિયા શરૂ કરવી હોય તે ગૃહના 1/4 સભ્યોની સહી કરેલ પ્રસ્તાવ જરૂરી છે અને રાષ્ટ્રપતિને 14 દિવસની નોટીસ આપવામાં આવે છે.*

**(1148)** રાષ્ટ્રપતિની ચૂંટણીની પદ્ધતિનો ઉલ્લેખ કયા અનુચ્છેદમાં કરવામાં આવ્યો છે?

(A) 53 (B) 54 (C) 52 (D) 55 ***Ans:*** D

*52 - ભારતના રાષ્ટ્રપતિનું પદ*
*53 - સંઘની કારોબારી સત્તા*
*54 - રાષ્ટ્રપતિની ચૂંટણી*

**(1149)** ભારતીય સંસદમાં નીચેનામાંથી કોનો સમાવેશ થાય છે?

(A) રાજયસભા (B) રાષ્ટ્રપતિ (C) ત્રણેય (D) લોકસભા ***Ans:*** C

*સંસદની રચના અનુચ્છેદ - 79*
*રાજ્યસભાની રચના અનુચ્છેદ - 80*
*લોકસભાની રચના અનુચ્છેદ - 81*

**(1150)** આંતર-રાજ્ય પરિષદ સંદર્ભે નીચે આપેલાં વિધાનોમાંથી કયું(યાં) વિધાન(નો) ખરું(રાં) છે ?
(1) તેની સ્થાપના રાષ્ટ્રપતિના આદેશથી થાય છે.
(2) તેની ફરજનો પ્રકાર સંસદ દ્વારા વ્યાખ્યાયિત થાય છે.
(3) તેની સ્થાપના લોકહિતની સેવા કરવા માટે થયેલી છે.
**[ગુજરાત વહીવટી સેવા વર્ગ-1-2 પ્રિલિમિનરી પરીક્ષા, સામાન્ય અભ્યાસ-1, તા. 21-10-2018]**

(A) ફક્ત 2 (B) ફક્ત 1 અને 3 (C) ફક્ત 2 અને 3 (D) 1, 2 અને 3 ***Ans:*** B

**(1151)** એક વ્યક્તિ સંસદ સભ્ય બન્યા વગર કેટલા સમય સુધી મંત્રીમંડળનો સભ્ય બની શકે?

(A) 6 માસ (B) 18 માસ (C) 15 માસ (D) 9 માસ ***Ans:*** A

*સંવિધાનની કલમ 75(5) મુજબ કોઈપણ વ્યક્તિ વધુમાં વધુ 6 માસ માટે સંસદ સભ્ય ના હોવા છતાં મંત્રી બની શકે છે.*

**(1152)** "ગ્રામપંચાયતનું નિર્માણ કરવું એ રાજયની ફરજ રહેશે" ભારતીય બંધારણના કયા ભાગમાં આવો ઉલ્લેખ જોવા મળે છે?

(A) ભાગ VI (B) ભાગ IV (C) ભાગ VII (D) ભાગ III ***Ans:*** B

*ભાગ III (3) - મૂળભૂત અધિકારો*
*ભાગ VI (6) - રાજ્યો*
*ભાગ VIII (8) - કેન્દ્રશાસિત પ્રદેશો*

www.Gujarat1.com

**(1153)** કયા અનુચ્છેદ અંતર્ગત ભારતીય સંસદ રાષ્ટ્રહિતના સંદર્ભમાં રાજયસૂચિ હેઠળના કોઈપણ વિષય પર કાયદો બનાવવાની સત્તા ધરાવે છે.

(A) અનુચ્છેદ 249 (B) અનુચ્છેદ 219 (C) અનુચ્છેદ 229 (D) અનુચ્છેદ 239 ***Ans:*** A

*અનુચ્છેદ 229 અધિકારીઓએ, કર્મચારીઓ અને હાઈકોર્ટના ખર્ચને લાગતો છે.*

**(1154)** ભારતના લોકશાહી વિકેન્દ્રીકરણના કેન્દ્ર તરીકે ગામડાઓને લેવા બાબતના સૌથી ગંભીર ટીકાકાર નીચેના પૈકી કોણ હતા?

(A) જયપ્રકાશ નારાયણ (B) ગાંધીજી (C) રામમનોહર લોહિયા (D) ડો. બી.આર.આંબેડકર ***Ans:*** D

*બાબાસાહેબ આંબેડકર ભારતીય બંધારણના પિતા તરીકે ઓળખાય છે.*

**(1155)** નીચેનામાંથી શાનો સમાવેશ બંધારણના 'મૂળભૂત માળખા' માં થતો નથી?

(A) સંસદીય સરકારનું સ્વરૂપ

(B) પ્રજાસત્તાક સરકારનું સ્વરૂપ

(C) ધર્મનિરપેક્ષતા

(D) કાયદાનું શાસન

***Ans:*** B

*ભારત એક લોકતાંત્રિક પ્રજાસત્તાક દેશ છે.*

*સંસદીય સરકારનું સ્વરૂપ એટલે સરકારનું એવું સ્વરૂપ જયાં પ્રધાનમંત્રીએ મંત્રી પરિષદના વડા હોય.*

**(1156)** ચૂંટણી કમિશનરને હોદ્દા પરથી દૂર કરવાની સત્તા કોણ ધરાવે છે?

(A) મુખ્ય ચૂંટણી કમિશનરની ભલામણથી રાષ્ટ્રપતિ

(B) મુખ્ય ચૂંટણી કમિશનર

(C) રાષ્ટ્રપતિ

(D) પ્રધાનમંત્રી

***Ans:*** A

www.Gujarat1.com

**(1157)** નીચેના પૈકી ભારતીય સંવિધાનના કયા અનુચ્છેદ મુજબ ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ અને સર્વોચ્ચ અદાલતના ન્યાયાધીશોની નિમણૂક ભારતના રાષ્ટ્રપતિ દ્વારા કરવામાં આવે છે?

(A) Art - 123 (ii) (B) Art - 124 (i) (C) Art - 124 (ii) (D) Art - 123 (i) ***Ans:*** C

**(1158)** લોકસભામાં રાજકીય પક્ષને તેના સભ્યને વિરોધ પક્ષના નેતા તરીકે ચૂંટવા માટે ઓછામાં ઓછી કેટલા ટકા બેઠકો જરૂરી છે ?

**[પોલીસ ઈન્સ્પેક્ટર (બિનહથિયારધારી) વર્ગ-2, તા. 30/06/2017]**

(A) 15%

(B) લોકસભામાં રાજકીય પક્ષને 75 સભ્યો હોવા આવશ્યક છે.

(C) 10%

(D) 20%

***Ans:*** C

**(1159)** રાજ્યના નાણામાંથી પૂરેપુરી નિભાવતી શિક્ષણ સંસ્થામાં કોઈ પ્રકારનું ધાર્મિક શિક્ષણ આપી શકાશે નહિ. તેવી જોગવાઈ ભારતના સંવિધાનમાં કયા અનુચ્છેદમાં કરવામાં આવી છે?

(A) Art 28(i) (B) Art 29 (C) Art 26 (D) Art 25(ii) *Ans:* A

**(1160)** કયા અધિનિયમ અંતર્ગત પ્રથમવાર ઈસ્ટ ઈન્ડિયા કંપનીનું કેન્દ્રીકરણ કરવાનો પ્રયત્ન કરવામાં આવ્યો?

(A) 1773નો અધિનિયમ (B) 1833નો અધિકારપત્ર (C) એકપણ નહીં (D) પીટ્સ એકટ *Ans:* A

**Scan** to Play Quiz Gujarat!

હાલમાં ચાલી રહેલ ભરતીઓ Last Day Job List: Click Here

Updates on WhatsApp: Click Here Telegram: Click Here

OJAS-MG on Telegram: Click Here

Download More Books: Click Here OR visit gujarat1.com/books

Report mistake if any on info@gujarat1.com

© OJAS-MaruGujarat.in

www.Gujarat1.com